Ravaji Patelna Kavyo
Edited by : Raghuvir Chaudhari
Published by Adarsh Prakashan, Ahmedabad 380 001
2002

**પ્રકાશક**
કૃષ્ણકાંત મદ્રાસી
આદર્શ પ્રકાશન
ગાંધી માર્ગ, બાલાહનુમાન સામે,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨

કવિતાના © રમણભાઈ છો. પટેલ
સંપાદનના © સંપાદકના
પ્રકાશનના © પ્રકાશકના

મૂલ્ય રૂ. ૫૦-૦૦

**મુદ્રક**
સર્જના કમ્પ્યુટર્સ
૧૦૫, મલય સોસાયટી, વાસણા બેરેજ ગાર્ડનની બાજુમાં,
નારાયણનગર, અમદાવાદ ૩૮૦ ૦૦૭

# પ્રકાશકીય

આધુનિક ગુજરાતી કવિતાના એક શિરમોર કવિ તે રાવજી પટેલ. રાવજી પટેલને - એમની કવિતાને જૂની-નવી પેઢીના કેટકેટલા ભાવકો-સર્જકોનાં સ્નેહ અને સમર્થન મળ્યાં ! રાવજી જેટલા સહજ ૧૯૬૬માં હતા એટલા જ આજે વર્ષો પછી પણ પ્રસ્તુત લાગે છે. એમની કવિતાના શબ્દોમાં સર્જકનાં ખમીર અને ખુમારીનો અનોખો જાદુ છે અને એ શબ્દો આજેય સર્જનવેળાએ હતા તેવા તાજા અને આહ્લાદક લાગે છે.

આ રાવજીનું, તમાકુના છોડનું કોઈ જાળવીને જતન કરે એમ રઘુવીરભાઈ ચૌધરીએ જતન કર્યું. છેલ્લે છેલ્લે સોનગઢ પાસેના અમરગઢના ક્ષયચિકિત્સાલયમાંથી અમદાવાદ આવી ગયેલા રાવજીને વલ્લવપુરા મૂકવા જનારા બે સર્જકમિત્રોમાંના એક રઘુવીરભાઈ જ હતા. રઘુવીરભાઈએ રાવજીને સાચવતાં સાચવતાં એનું જે ખરા અર્થમાં 'અંગત' કહેવાય તે કાવ્યધન ગુજરાતની જનતા સમક્ષ રજૂ કર્યું અને રાવજીના સર્જનકર્મની કેટલીક ખૂબીઓને સરસ રીતે દર્શાવી. એ રીતે તેઓ રાવજી પટેલની કવિતાના એક ખરા પરિચાયક, ભાવક અને પ્રશંસક બની રહ્યા.

સાહિત્યરસિક વિદ્યાર્થીઓને - કહો કે વિશાળ ભાવકવર્ગને રાવજી પટેલની ચૂંટેલી કાવ્યરચનાઓનો આસ્વાદ મળે એ સુભાશયથી 'આદર્શ કાવ્યસંચય શ્રેણી'માં 'રાવજી પટેલનાં કાવ્યો'નું ચયન કરી આપવા અમે શ્રી રઘુવીરભાઈને આગ્રહપૂર્વક વિનંતી કરી, અને એમણે આ કામ ઉમળકાથી સ્વીકારી, ટૂંક સમયમાં જ સંપાદન કરી આપ્યું તે બદલ અમે એમના ખૂબ જ આભારી છીએ. સાથોસાથ રાવજી પટેલનાં કુટુંબીજનોએ આ સંપાદન પ્રગટ કરવાની પરવાનગી આપી તે બદલ તેમના પણ આભારી છીએ.



રાવજી પટેલ

જન્મ તા. ૧૫-૧૧-૧૯૩૯ : અવસાન તા. ૧૦-૮-૧૯૬૮

# રાવજી એટલે રાવજી

રઘુવીર ચૌધરી

ડાકોરથી એક કાચી સડક જાય છે. પહેલાં સુઈ ગામ આવે અને પછી રાવજીનું વતન – વલ્લવપુરા. નાનું સરખું ગામ છે, એક નજરે જોઈ લેવાય એવું. દૂર રહીને પણ રાવજી વલ્લવપુરાને જોતો રહેલો, પોતાના બદલાતા ચિત્તમાં એની એક છબી સતત સાચવી રહેલો. ડાકોરની ગુજરાતી નિશાળમાં એને ભણવા મૂકેલો. દર ચોમાસે પડખું બદલતા રસ્તે ચાલતાં ચાલતાં ડાકોર પહોંચવાનું. વળતાં સુઈ ગામનાં એક ડોશીનો ઘણીવાર સંગાથ થતો. એમની પોટલી નાનો રાવજી ઉપાડી લે અને એનું દફતર ડોશીને આપે. ત્યારે એ કોઈક બાળકીને પણ ઓળખતો, જેની યાદ છેક ૧૯૬૮ના મે માસની ૨૭મી તારીખ સુધી ડાકોરની સંગીતશાળા ભેગી એ સાચવી રહેલો. ત્યાં એણે એનું છેલ્લું ગીત ગાઈને લખાવ્યું હતું. ટૂંકા ટૂંકા શ્વાસથી જીવવાનું હતું એવી ક્ષણોમાં પણ એ ગાઈ શકેલો. પછી બાળપણની યાદમાં રડી પડેલો.

માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લીધું. કાકાને ઘેર રહેતો. મિલમાં કારકુનની નોકરી મળી. કૉલેજમાં પણ કંઈક જતો અને આર્ટ્સની પહેલા અને બીજા વર્ષની પરીક્ષાઓ પાસ કરેલી. એવામાં જ પોતાનાથીય છુપાવી રહ્યો હતો એ તબિયતની વાત જાહેર થઈ ગઈ. પહેલાં મળ્યા એ ડૉક્ટરે તપાસ કરીને સહેજ સંકોચ રાખ્યા વિના કહી દીધું – 'છ માસ જીવશો.' રાવજીથી એ માની શકાય એમ ન હતું. પચીસ રૂપિયાના ભાડાની એક ઓરડીમાં ઘરસંસાર શરૂ કરી દીધો હતો. મહાલક્ષ્મીએ પુત્રીને જન્મ આપ્યો હતો અને રાવજીએ એનું નામ પાડ્યું હતું – 'અપેક્ષા.' હજી બી.એ. થવું હતું અને કૉલેજમાં પ્રોફેસર થવું હતું. રમણ અને બીજા બે ભાઈઓને ભણાવવાના હતા. વીસ વીઘાંમાંથી ગીરો મુકાઈ ગયેલી દસ વીઘાં જમીન છોડાવવાની હતી, ખેતી કરતા પિતાજી (છોટાલાલ)નો ભાર ઓછો કરવો

હતો. રાવજીએ એ ડૉકટરની વાત છેક સુધી સાચી ન જ માની અને એ પછી તો ચાર વર્ષ જીવ્યો. જોકે એવામાં થોડા દિવસ ભારે બેચેન રહેલો. પણ પછી મુંબઈના ડૉકટરે કિડની તપાસીને આશ્વાસન આપ્યું. એક ફેફસું આખું સાજું હતું, ઑપરેશન કરાવીને જોખમમાંથી ઊગરી શકાય એમ હતું. આણંદના ક્ષય-ચિકિત્સાલયમાં દાખલ થયો અને જિંદગીમાં પહેલી વાર તાજો થઈને બહાર આવ્યો. આ પહેલાં ત્રણ નોકરીઓ છોડેલી. મિલમાં સાહેબ બીજા કોઈને રાખવા માટે એને છૂટો કરવા માગે છે એવું માની લઈને એણે જ જવાનું બંધ કરેલું. પછી વિદ્યાપીઠના પુસ્તકાલયમાં થોડો સમય અને થોડો સમય 'કુમાર' કાર્યાલયમાં કામ કરેલું. જેટલા ઉત્સાહથી એ નવી નોકરી સ્વીકારી લેતો એટલા જ વૈરાગ્યથી છોડી પણ દેતો અને ભૂલી જતો.

આણંદથી આવ્યા પછી એણે 'અશ્રુઘર' લખી. બે વાર લખી. પહેલી વાર લખી તેમાં કથા અડધામાં પૂરી કરી હતી અને લલિતા સાથે સત્યને પરણાવી દઈને બેઉને સુખી કર્યાં. ફરીથી લખી અને પછી સત્યને છેક અંત સુધી લઈ ગયો. 'અશ્રુઘર'ને આવકાર મળ્યો. રાધેશ્યામ શર્મા, ચંદ્રકાન્ત શેઠે રાવજીમાં પન્નાલાલ–પ્રકારની શક્તિ જોઈ. રાવજીએ શરદબાબુ બરોબર વાંચેલા અને લાગણીના નિરૂપણમાં વાચકોને આગામી ક્ષણથી અજાણ્યો રાખવાની શરદબાબુને જે ફાવટ છે એ રાવજીમાં પણ હતી. પણ વિશેષ તો એ કે 'અશ્રુઘર'માં વાસનાઓની સરળ સંધિ નથી. ઇન્દ્રિયાનુભવોની ખેંચતાણ છે. સમાધાન શેને કહેવાય એ ન જાણતાં આળાં અને બરડ સંવેદનોની વિષમ સંધિથી અનુભવાતી સંકુલતા છે. હજી એને પોતાની આગવી રીતિ મળી નથી અને ક્યાંક ક્યાંક શબ્દો એની ભાષામાંથી છૂટા પડી જાય છે પણ સમગ્રપણે કૃતિ રોચક બનેલી છે. ગેરસમજ કે વિરોધ ન હોય તોપણ બે માણસ બે હોય છે એટલા જ કારણે અનુભવાતો સંઘર્ષ અહીં આસ્વાદ્ય બને છે. પાત્ર રચવાની અને ગૌણ પાત્રોને ઉઠાવ આપવાની રાવજીમાં શક્તિ છે એ વાત આ પહેલી કૃતિથી બહાર આવી.

'ઝંઝા' લખી તે પહેલાં ચારેક વાર્તાઓ થયેલી, પણ બધી ગ્રંથસ્થ



થઈ શકે એવી નહિ. છેલ્લા વર્ષમાં લખાયેલી વાર્તાઓએ ધ્યાન ખેંચ્યું. નાનાં નાનાં અને વ્યક્તિત્વવાળાં પાત્રોના સંબંધની વાત શરૂ થાય છે અને એમાંથી છેક સુધી ટકી રહેતું સંવેદન જાગે છે. જુદી જુદી વય સાથે એ એકસાથે કામ પાડી શકે છે. રાવજીની વાર્તાઓમાં ઉત્તરોત્તર નિરૂપણની સ્વસ્થતા વધી છે, એનો નર્મ પણ ધ્યાન ખેંચે છે.

શરીર અવારનવાર ઢીલું થઈ જતું, પણ લખવાનું સૂઝે પછી છોડતો નહિ. કામ-નોકરી જે કંઈ મળે એ માટે પણ તૈયાર. પરિચય ટ્રસ્ટે આરામથી થઈ શકે એવું કાર્ડ બનાવવાનું કામ સોંપેલું. તે પછી સંદેશમાં કામ મળ્યું, પછી ગુજરાત સમાચારમાં. એવામાં જ ઘેર ગુસ્સો કર્યો તેમાં હાથ ભાંગ્યો. દોઢેક મહિનો એમાં ગયો. તે પછી થોડા દિવસ કામે ગયો હશે અને ગુજરાત સમાચારે એને છૂટો કર્યો. 'ઝંઝા' પ્રેસમાં પહોંચી ગઈ હતી અને ત્રીજી નવલકથાનું નામ પાડી રાખ્યું હતું — 'વૃત્તિ.' વૃત્તિનાં થોડાં પાનાં લખ્યાં હશે ત્યાં એક સાંજે વળી ગળફામાં લોહી દેખાયું. સોનગઢ પાસે અમરગઢના ક્ષયચિકિત્સાલયમાં દાખલ થવા તૈયાર થયો અને જગા મળતાં ઑક્ટોબર '૬૭માં ગયો તે '૬૮ના મેની ૨૫મી તારીખ સુધી ત્યાં રહ્યો.

ક્ષય તો ઘણો જૂનો હતો. ચારેક વર્ષથી ડાયાબિટીસ પણ હતો. સુગરનું પ્રમાણ નજીવું હતું પણ કહે છે કે નાની ઉંમરે થતો ડાયાબિટીસ કિડનીને કોરી ખાય છે. વજન વધે અને પાછું ઘટી જાય. ઑપરેશન શક્ય ન બન્યું. બીજા ફેફસાને પણ થોડી અસર થઈ. એ ભાગ સૂકવી શકાયો હતો પણ એક ખતરનાક વસ્તુ ઉમેરાઈ ચૂકી હતી — માનસિક અસ્થિરતા. ચિકિત્સાલયમાં ત્રણેક વાર સંતુલન ગુમાવેલું. છેલ્લે છેલ્લે તો કપડાં વિના વૉર્ડમાં દોડવા લાગતો. દર્દીઓ એનો ખ્યાલ રાખતા. એને પાણી આપતા પણ એ કોગળો કરીને એમના ઉપર થૂંકતો. નર્સ વગેરેને તો પહેલેથી જ એ પોતાનાં સગાંવહાલાં માનતો અને એ નાતે એમની સલાહની અવગણના કર્યા કરતો. છેલ્લી વારના ગાંડપણનું દેખીતું કારણ કદાચ એણે આખી રાત જાગીને મૃત્યુ વિશે લખ્યા કર્યું એ હોય. એના અક્ષર દાણા જેવા હોય પણ તે રાતે લખ્યું છે એમાં અક્ષર ડહોળાઈ

ગયા છે. માંડ વાંચી શકાય છે :

'મને એમ થયું કે હું મરી ગયો છું અને મને બાળી નાખે છે, બળી ગયા પછી તો જગત સાથેના બધા જ કૉન્ટેક્ટ્સ કપાઈ જાય છે. હું હું નથી રહેતો, તમે તમે નથી રહેતા. તમે મને ગાંડો કહેશો, હું તમને ડાહ્યા સમજીશ. પણ ગાંડા-ડાહ્યામાં માત્ર એક જ ફરક પડવાનો છે. હું સમજું છું એ (તમે) નથી સમજતા અને હું તમે સમજો છો એ નથી સમજતો.'

અડધા ગાંડા રાવજીને સોનગઢથી પ્રેસનો માણસ અમદાવાદ મૂકી ગયો. બેઠા રહેવાનીય શક્તિ ન હતી પણ રસ્તામાં એક સ્ટેશને ઊતરીને ચાલવા લાગેલો. અઢી વર્ષ પહેલાં સિગારેટ છોડેલી પણ તે દિવસ ગાડીમાં માગીને બે બીડીઓ પીધી. આવ્યો તે રાત્રે પણ ઊંઘ્યો નહિ. બોલ્યા કર્યું – 'આવતી સાલ કાર લાવું, નોબલ પ્રાઈઝ મેળવવું છે. વૃત્તિનાં હજાર પાનાં કરવાં છે. હવે તો જીવવાનો.'

બીજે દિવસ એને વલ્લવપુરા પહોંચાડ્યો. એને આવેલો જાણીને આખું ગામ ભેગું થયું હતું. એ તો છૂટથી બોલ્યે જતો હતો. તે રાતે પણ ન ઊંઘ્યો. પણ વળી કળ વળી અને એક મહિનો ત્યાં રહ્યો એમાં ચાલતો પણ થયેલો. વળી, લડીને લાડુ ખાધા અને ડાયાબિટીસનો હુમલો થયો. અમદાવાદ વાડીલાલમાં દસેક દિવસ રાખીને રજા આપી. તે પછી ચોથા દિવસે યુરેમિયા થઈ ગયો. યુરિયાનું પ્રમાણ વધુમાં વધુ ચાલીસ હોય એને બદલે બસો હતું. પાંચ દિવસ બેભાન રહ્યો. ૧૦મી ઑગસ્ટના સવારના સવા ચાર સુધી એ હતો, પછી ભળી ગયો. જુદો ન રહ્યો.

એને સહુની સાથે ફાવતું. લખતો હતો તેથી ગમા-અણગમા તો હોય, પણ એનો અહં ઊપસી ન આવતો. નગરજીવનની ઔપચારિક્તાઓ વચ્ચેય એનું વર્તન શુદ્ધ જાનપદી હતું. જરા અળવીતરો પણ ખરો. સારી હૉટલમાં બેસવાનું પસંદ કરે અને બીજાની રાહ જોવા કોઈ ત્રીજાના ટેબલ પર જઈને બેસે. અજાણ્યાના ઓશિંગણ થવામાં એને નાનમ ન હતી. સ્નેહનો સહેજ અણસાર જોઈનેય ઝૂકી જાય. જ્યાં હોય ત્યાં ઠરીને બેઠો હોય એમ લાગે. જાગે ત્યારે સ્મરણમાં કંઈ ને કંઈ સંતાડી જાય.



ઓરડીમાં એકલા રહેવું જોઈએ એવી સલાહ માને, પણ રહી ન શકે. ક્યારેક લાભશંકર ઠાકરની દવા લઈ આવે પણ ચરી ન પાળે. ખુલ્લામાં ફરવાને બદલે શહેરની ધૂસર સંકડાશમાં આવી ચડે. મારા-તમારા જેવા જોડે મોડે સુધી બેસી રહે. રાત વીતતી હોય, એ થાક્યો હોય. ઉધરસ ખાધા કરતો હોય તોય જવાનું કહીએ તો ખોટું લગાડે. એને મૂકી આવીએ તોય સાવ એકલો પડીને રૂમમાં જાય. એને જે સાથ અને સ્નેહની જરૂર હતી એ કોણ કેમ કરીને આપી શકે એની એનેય ખબર ન હતી. એ ચાહતો, આપતો. અમરગઢમાં પોતાને માટેની રકમમાંથી ભાગ કાઢીને એક દર્દીને સાજો કરવામાં એનો થોડો ફાળો હતો.

હસતો, ક્યારેક હસાવતો. સાચુંખોટું બધું જ બોલતો. અમદાવાદમાં ઓળખાયો ત્યારથી તો દુઃખ એ જ એની કથા છે. 'ε૨માં બુધસભાનું પ્રથમ કાવ્યસત્ર થયેલું એમાં એ આવેલો. પટાવાળો લેંઘો પહેરીને તીતીઘોડાની જેમ ઊડ્યા કરતો. અવાજ વિનાનું હસ્યા કરતો. હાઈસ્કૂલમાં જ એક શિક્ષક મળેલા, એમની પાસે કવિતા સમજતો. 'કુમાર'માં આવતો થયો અને એક વર્ષમાં તો એ સહુથી જુદો તરી આવતો કવિ હતો.

બે વર્ષ પછી મુકુન્દ પરીખ સાથે 'શબ્દ'નામનું કવિતા–સામયિક ચલાવ્યું. જેટલું ચાલ્યું, ઠીક ચાલ્યું.

ત્યારે તો માત્ર પ્રકૃતિ હતી. જુદાઈનો ભાવ પછી ભળ્યો. પ્રેમ, વાસના, મૃત્યુ અને સહુની વચ્ચે અજાણ્યા રહી જવાનો વસવસો – એની કવિતામાં જે કોઈ ભાવ આવ્યો, તીવ્રતાથી આવ્યો. રોમાન્ટિક મૂડ કવિતાને ઉપકારક નથી એવી માન્યતા રૂઢ થઈ રહી હતી એ સમયમાં રાવજી રોમાન્ટિક મૂડ લઈને બહાર આવ્યો અને એણે પૂરતું ધ્યાન ખેંચ્યું. એની રચનાઓમાં ઘાસ, ગંધ અને ધરતી એક થતાં હતાં અને જાણ્યે-અજાણ્યે કલ્પન દ્વારા કોઈક કહેવા જેવી વાત ઊતરી આવતી હતી. કુતૂહલ તો બાળકમાં હોય એવું, જે જુએ એને વળગી પડે. પ્રકૃતિથી વિખૂટા પડવું ન હતું, પડછાયાઓનો દેશ છોડીને પરીઓ પાસે પહોંચવાની માયા હતી, ગામ અને નગર વચ્ચે વહેંચાયેલું ઘર એક કરવું હતું, અને એ બધાંને જોડતું, એકાન્ત તોડવું હતું. એની કવિતામાં ક્રિયાનો અનુભવ છે. મુખ્ય

રીતિ વર્ણનની લાગશે પણ વર્ણનમાં ઇન્દ્રિય-વ્યત્યય સધાતાં કલ્પનો રચાતાં જાય છે અને પૂર્વપરિચિત સૃષ્ટિ જ તાજગીનો અનુભવ કરાવે છે. કાવ્યના આરંભથી અંત વચ્ચેનો અરૂઢ સંબંધ પણ એની રચનાઓને વ્યક્તિત્વ આપે છે.

ક્યાંક આક્રોશ, ક્યાંક કટાક્ષ પણ કર્યો છે, એ એનામાં પારકાં તત્ત્વોનો પ્રવેશ છે. લવારી જેવી લાગતી પંક્તિઓ લખીને કાવ્ય કરવામાં એ એટલો નિષ્ફળ નથી ગયો. કોઈ પણ પ્રકારની રચનામાં ઉપમાએ એનો સાથ નથી છોડ્યો. સ્પર્શ કર્યા વિના સરકી જાય એ ઉપમા રાવજીની નહિ. એની ઉપમાઓ મોટેભાગે કલ્પન બની જાય છે.

રાવજી પ્રવેશ્યો ત્યારે અદ્યતન કવિતાનો બીજો તબક્કો શરૂ થઈ ગયો હતો. શુદ્ધ કવિતાની વિભાવના ફરીફરી વાતાવરણમાં પ્રસારિત થવા લાગી હતી. કલ્પન, પ્રતીક, લય, ઇબારત આદિની અવારનવાર ચર્ચાઓ ઊપડતી; અને રાવજીને જીવવાનું તો એવું મળ્યું કે સંકડાશ, અસંતોષ, એકલતા અને વિષાદ પશ્ચિમનું કશુંક વાંચીને મેળવવાં પડે એમ ન હતાં. એવા વાચનની એને સગવડ પણ ઝાઝી ન હતી. એની રચનામાં વરતાતી આધુનિક સંવેદના યુગ વિશેની એની સંપ્રજ્ઞતામાંથી જન્મી હશે એમ કહેવાનું રહેતું નથી. છતાં એના અવાજમાં વર્તમાનની બધી મૂંઝવણો અને રૂંધામણો ભળેલી છે. લાગે છે કે વેદના જ એક અનોખો અવાજ ઘડતી રહી. મુદતી ભવિષ્ય સાથે જોડાઈ ગયેલું દર્દ અને જતી-આવતી આર્થિક મુશ્કેલીઓ વચ્ચેય એ આનંદની ક્ષણો વીણતો રહ્યો. સહન કરવા મળ્યું એને સમૃદ્ધિ માનીને વાપરતો રહ્યો. ક્વચિત્ અસ્વસ્થતા અને આવેશ આવ્યાં તે પણ બળ બનીને. એના વ્યક્તિત્વનો સ્પર્શ વરતાય છે કલ્પન અને લયને એકરૂપ કરતી એની જાનપદી પદરચનામાં, જ્યાં વિષય અને ભાષાનું સાયુજ્ય થાય છે અને એનું એ લાગતું સંવેદન રચનાએ રચનાએ અવનવા સ્તરે ઊઘડતું જાય છે. પાંચસાત કલ્પન, બેત્રણ લય અને મહદ્ અંશે એક જ પરિમાણમાં રહીને કવિ રાવજીએ જે પરિણામ પ્રાપ્ત કર્યું છે એ એના સમકાલીનો માટે એક આશ્ચર્ય છે.

■ ■ ■





**રાવજી પટેલનું લેખન-સર્જન :**

□

અશ્રુઘર (નવલકથા)

ઝંઝા (નવલકથા)

વૃત્તિ અને વાર્તા (નવલ-વાર્તાઓ)

અંગત (કાવ્યસંગ્રહ)

રાવજી પટેલનાં કાવ્યો સં. : રઘુવીર ચૌધરી

(રાવજી પટેલનાં પ્રતિનિધિ કાવ્યોનો સંચય)